**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

13 એપ્રિલ, 2021 / 7107

પ્રતિ,

શ્રી બલવંતસિંહ રાજપૂત,
માનનીય ચેરમેન
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
ગાંધીનગર

**વિષય : ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા જમીનના ભાવમાં 15% નો વધારો કરતા પરિપત્રને તાત્કાલિક અસર થી પરત ખેંચવા બાબત**

મહાશયશ્રી,

આપની કુશળતા ઇચ્છુ છું.

આપશ્રીના ધ્યાને લાવવાનું કે અમારા સભ્ય એસોશિયેસનો, FIA, , ઇચ્છાપોર જીઆઇડીસી સહકારી મંડળી, વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન તથા વિવિધ જીઆઇડીસી તરફથી મળેલ રજૂઆત અનુસાર ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા તા. 07/04/2021 ના પરિપત્ર ક્રમાંક LO33141થી જીઆઇડીસીની જમીનના ભાવમાં 15% સુધી નો ભાવ વધારો જાહેર કરવામાં આવેલ છે.

સાહેબશ્રી, આપશ્રીને વિદિત છે કે ગત વર્ષથી મંદી અને મહામારીને કારણે ગુજરાતના ઉદ્યોગો પરિસ્થિતિનો સફળતા પૂર્વક સામનો કરવા અને તેમાંથી બહાર આવવા પુરજોર પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે આવા કપરા સમયમાં આ ભાવ-વધારો ઉદ્યોગો માટે અસહનીય અને ગેરવાજબી જણાય છે.

સાહેબશ્રી હાલના સંજોગોમાં સરકારશ્રી દ્વારા ઉદ્યોગો ને સહાયરૂપ થવા અને તેમને ફરી આત્મનિર્ભર બનાવવા વિવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. દા.ત., સરકારશ્રી દ્વારા જંત્રીના ભાવ માં પણ વધારો કરવામાં આવ્યો નથી ત્યારે આ સુસંગત જણાતું નથી.

સાહેબશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ઉધોગો માટે માળખાકીય સુવિધાઓમાં વધારો કરવા, નહિ નફો નહિ નુકસાનના ધોરણે સ્થાપેયલ સંસ્થા હોવાથી આવા કપરા સંજોગોમાં ઉદ્યોગોના આર્થિક ભારણ ઓછું કરવા પ્રયત્નશીલ હોવું જોઈએ તેવું અમારું ચોક્કસપણે માનવું છે. વધુમાં, હાલની પરિસ્થિતી ધ્યાનમાં લઇ ને અન્ય સુવિધાઓ જેમ કે ઔદ્યોગિક એકમોને અપાતા પાણીના દરમાં પણ ઘટાડો કરી તેને વ્યાજબી ભાવે આપવું જોઈએ.

Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer


સાહેબશ્રી, અમો આ પત્ર દ્વારા આપશ્રીને વિનંતી કરીએ છીએ કે જીઆઇડીસી દ્વારા કરવામાં આવેલ આ ભાવ વધારો ત્વરિત અસર થી પરત લેવો જોઈએ અને ઉદ્યોગો માટે પાણીના દર માં પણ ઘટાડો કરવો જોઈએ.

આપશ્રી અમારી રજૂઆતને ધ્યાને લઈને યોગ્ય નિર્ણય લેશો તેવી આશાસહ,

આપનો વિશ્વાસુ,

Nupatel

નટુભાઈ પટેલ
પ્રમુખ


Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org